**O Lord**, my heart is purified of all uneasiness and anguish; it is steady and calm and sees Thee in all things; ... ...

May there be peace upon all the earth.

*

**Grant**, I implore Thee, that all in my being may be identified with Thee. May I be nothing else any more than a flame of love utterly awakened to a supreme realisation of Thee. **- The Mother**

**[ Prayers and Meditations: 1914 - February : 12,5,14,11,9,1,21,15 ]**

**હે પ્રભુ,** મારું હૃદય કષ્ટ અને વેદનામાંથી વિશુદ્ધ બન્યું છે; એ સુદૃઢ અને સ્વસ્થ છે, અને તને સર્વ ચીજોની અંદર નિહાળે છે; ... ...

સારીયે પૃથ્વી ઉપર શાંતિ હજો.

*

**પ્રભુ,** તને હું વિનંતી કરું છું, મારા સ્વરૂપનું સર્વ કાંઈ તારી સાથે એકરૂપ બની જાઓ. હવે પછી તારા પરમ સાક્ષાત્કાર માટે સંપૂર્ણ સજાગ બનેલા પ્રેમની માત્ર એક મશાલ હું બની રહું.

- શ્રી માતાજી

**[ પ્રાર્થનાઓ અને ધ્યાન: ૧૯૧૪ – ફેબ્રુઆરી: ૧૨, ૫, ૧૪, ૧૧, ૯, ૧, ૨૧, ૧૫ ]**



**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **February 2017**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2017**
FEBRUARY
૧ ફેબ્રુઆરી, ૨૦૧૭

**—— તારા પ્રેમની મશાલો ——**

**——— Torches of Thy Love ———**




When we trust in the Divine's Grace we get an unfailing courage.
With my blessings

15th May 1954 - The Mother

પ્રભુની કૃપામાં
આપણે
શ્રદ્ધા રાખીએ છીએ
ત્યારે
આપણને અખૂટ હિંમત મળી રહે છે.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

શ્રી માતાજીના મંત્રો
૧૫ મે ૧૯૫૪

**With** peace in my heart, with light in my mind, the hope born of certitude in all my being, I greet Thee, O Lord, divine Master of eternal love.

Thou art the reason of our existence and our goal.

*

**O Lord**, become the sovereign Master of our lives and dispel all the obscurities which can still prevent us from seeing Thee and constantly communing with Thee.

*

**Lord,** deliver us from all care for contingencies, deliver us from the ordinary outlook on things. Grant that we may henceforth see only with Thy eyes and act only by Thy will. Transform us into living torches of Thy divine love.

*

**How** simple everything is for him who sees all things from the height of Thy eternity!

*

**O Lord,** sweet Master of love, Thou whom I see so living, so conscious within all things, I adore Thee with a boundless devotion.

*

**I adore** Thee in silence and listen to Thee in a religious concentration.

*

**હૃદયમાં** શાંતિ છે, ચિત્તમાં પ્રકાશ છે, મારા સારાયે સ્વરૂપમાં નિશ્ચિતતામાંથી જન્મેલી એક આશા છે, અને હું તને પ્રણામ કરું છું, પ્રભુ, શાશ્વત પ્રેમના હે દિવ્ય ગુરુ.

તું છે અમારા અસ્તિત્વનું કારણ અને અમારું લક્ષ્ય.

*

**પ્રભુ,** અમારાં જીવનોનો તું ચક્રવર્તી સ્વામી બની રહે અને જે અંધકારો અમને તારા દર્શનમાંથી તથા તારી સાથેના સતત સંપર્કમાંથી હજી પણ રોકી રાખે છે તેને તું વિખેરી નાખ.

*

**પ્રભુ,** અમને તત્કાલીન વસ્તુઓની ચિંતામાંથી મુક્ત કરી દે, અમને વસ્તુઓના સ્થૂલ દર્શનમાંથી મુક્ત કરી દે. અમારી પ્રાર્થના છે કે અમે કેવળ તારી દૃષ્ટિ વડે જ જોતા થઈએ અને તારી સંકલ્પશક્તિથી જ કાર્ય કરીએ. તારા દિવ્ય પ્રેમની જીવંત મશાલોમાં અમારું રૂપાંતર કરી આપ.

*

**જે** તારી શાશ્વતીના શિખર પરથી વસ્તુઓને જોતો હોય છે તેને બધું જ કેટલું સાદું સરળ દેખાય છે!

*

**ઓ** પ્રભુ! મધુર પ્રેમ-ગુરુ, સર્વ કોઈની અંદર મને તારાં કંઈ એવાં તો જીવંત, એવાં તો સચેતન દર્શન થઈ રહ્યાં છે કે હું તને એક અસીમ ભક્તિભાવે આરાધી રહી છું.

*

**નીરવતામાં** બેઠી બેઠી હું તને મૂંગી મૂંગી આરાધી રહી છું અને એક પુનિત એકાગ્રતામાં હું તને સાંભળી રહી છું.

*